# કંગનાની 'ભારત ભાગ્ય વિધાતા' દર્શકોને ભાવનાત્મક રીતે પ્રભાવિત નથી કરતી






**મૂવી રિવ્યુ**

**અમર સોલંકી દ્વારા**

**ફિલ્મ**
ભારત ભાગ્ય વિધાતા (યુએ)

**રેટીંગ**
★★★☆☆

**એક લાઈનનો પ્રતિભાવ**
કંગનાના અભિનય અને 26-11ના હુમલા પર પ્રેરણાદાયક વાર્તા જોવા આ ફિલ્મ જોઈ શકો

આ ફિલ્મ 26 નવેમ્બર 2008ના રોજ મુંબઈ પર થયેલા આતંકવાદી હુમલાઓ પર આધારિત છે, જે મુખ્યત્વે કામા હોસ્પિટલની ઘટના અને ત્યાંના સ્ટાફની બહાદુરી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મનોજ તાપડિયા દ્વારા લિખિત આ વાર્તામાં કોઈ નવીનતા નથી, કારણ કે આવી વાર્તાઓ પહેલાં પણ અખબારો, ટેલિવિઝન અને અન્ય ફિલ્મોમાં ઘણી વખત દર્શાવવામાં આવી છે. ફિલ્મમાં મુંબઈના અન્ય સ્થળોને સંપૂર્ણપણે નજરઅંદાજ કરીને માત્ર એક જ હોસ્પિટલ પર વધુ પડતો ભાર મૂકવામાં આવ્યો છે, જેના લીધે હુમલાની ગંભીરતા અને ભયાનકતા ઓછી થઈ જાય છે. ફિલ્મની પટકથા ખૂબ જ ધીમી છે અને આતંકવાદી ડ્રામા શરૂ થતાં પહેલાં નર્સોના પાત્રોને વિકસાવવામાં ઘણો સમય વેડફાયો છે, જેના લીધે ભાવનાત્મક પાસું નબળું પડે છે અને સંવાદો પણ બહુ પ્રભાવશાળી નથી.

અભિનયની વાત કરીએ તો, નર્સ ગીતાના પાત્રમાં કંગના રનૌતનો અભિનય સામાન્ય રહ્યો છે. ભૂતકાળના તેના શાનદાર પ્રદર્શનની સરખામણીએ આ પાત્રમાં કંઈ ખાસ નવું નથી. મેટ્રનના પાત્રમાં સુહિત થત્તે અને મેડિકલ સુપ્રિટેન્ડન્ટ તરીકે આશા શેલારે સારું કામ કર્યું છે, જ્યારે બાકીના કલાકારોનો સાથ સરેરાશ રહ્યો છે. મનોજ તાપડિયાનું નિર્દેશન પણ સામાન્ય છે, જે દર્શકોને ભાવનાત્મક રીતે જોડી રાખવામાં નિષ્ફળ રહે છે. ફિલ્મનું સંગીત અને બેકગ્રાઉન્ડ સ્કોર ઠીકઠાક છે, જ્યારે કેમેરાવર્ક અને એક્શન દ્રશ્યો સારા છે. જોકે, કેટલાક લોકોનું માનવું છે કે આ એક ખૂબ જ સારી ફિલ્મ છે જે પુરસ્કારો જીતી શકે છે અને તેને કરમુક્ત કરવી જોઈએ. નબળી શરૂઆત છતાં આ ફિલ્મ આગળ જતાં ઝડપ પકડી શકે છે.

**અભિનેતાઃ** કંગના રનૌત, ગિરિજા ઓક, સ્મિતા તાંબે, ઈશા ડે, સુહિતા થાટે **નિર્માતાઃ** પેન સ્ટુડિયો, મણીકર્ણિકા ફિલ્મ્સ, પરમહંસ ક્રિએશન **નિર્દેશકઃ** મનોજ તપાડિયા

**સા રે ગ મ** **અનિલ આનંદ**

## સીસીટીવી અને બિહારનું 'લીલું' રાજકારણ


નામમાં શું રાખ્યું છે? જેમ કે એક કહેવત છે. અને કોઈ રંગ અથવા રંગોનું સંયોજન કેટલું મહત્ત્વનું હોઈ શકે? વાસ્તવમાં, તેનું કોઈ ખાસ મહત્ત્વ હોતું નથી. જોકે, જો વાત રાજકીય જગતની હોય તો કોઈપણ અને દરેક કહેવતનો અર્થ અને તેના ગર્ભિતાર્થો સમય અને રાજકીય મોસમ પ્રમાણે બદલાઈ જાય છે. અને તે પણ ભારત જેવા દેશમાં જ્યાં રમૂજ અને રાજકીય કડવાહટનું એકસાથે અસ્તિત્વમાં હોવું ખૂબ મુશ્કેલ છે. કથિત ગુનાહિત પાસાંઓ સાથે પોતાના અંગત જીવન અને સૌથી વધુ તો પોતાની શૈક્ષણિક લાયકાત અંગેના વિવાદોથી ચારેય બાજુથી ઘેરાયેલા બિહારના નવનિયુક્ત ભાજપના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના મગજમાં કંઈક અલગ જ વિચારો ચાલી રહ્યા હતા, જ્યારે તેમણે વિરોધ પક્ષો અને જનતાને ગુનાખોરી ડામવા માટે તેમની સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાંની યાદ અપાવી. તેમણે રાજ્યને લાંબા સમયથી પીડીત કરી રહેલી આ ગંભીર સમસ્યાનો ઉકેલ લાવવાને બદલે પોતાના રાજકીય હરીફોને નિશાન બનાવવાની એક પણ તક છોડી નહીં. પટનામાં ગુનેગારોને ઓળખવા માટે સીસીટીવી કેમેરા લગાવવા પાછળ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની ઘણી ચર્ચાસ્પદ ટેક્નોલોજીનો તેમણે જે ઉલ્લેખ કર્યો, તે કટાક્ષમાં હતો કે સંપૂર્ણ ગંભીરતામાં? ના, આ નિવેદન કટાક્ષ કરતાં વધુ શુદ્ધ રાજકારણથી પ્રેરિત હતું, જેમાં તેમણે જણાવ્યું હતું કે, પટનામાં લગાવવામાં આવેલા ૪૦,૦૦૦ સીસીટીવી કેમેરા 'હરા ગમછા (લીલો ખેસ)' પહેરેલા ગુનેગારોને ઝડપથી ઓળખી કાઢશે. આનો સ્પષ્ટ ટાર્ગેટ લાલુ યાદવની રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) પર હતો.

## ઘાયલ વાઘણની ગર્જનાઃ બંગાળમાં મમતા બેનર્જીની વાપસી

એક સમયે 'બંગાળની વાઘણ' તરીકે ઓળખાતા, રસ્તા પર ઉતરીને લડનારા અને કારમી ચૂંટણી હાર બાદ ભારે ઘાયલ થયેલા નેતા અત્યારે એકલા હાથે પોતાના ઘા રૂઝાવી રહ્યા છે. પોતાના જ પક્ષના સાથીઓ તેમનો સાથ છોડી રહ્યા હોવાની નામોશીનો સામનો કરી રહ્યા હોવાથી તેઓ ચોક્કસપણે અત્યારે નબળા પડ્યા હશે, પરંતુ હાર માની નથી. અને તે સ્વાભાવિક પણ છે. જોકે, ચૂંટણી પરિણામો જાહેર થયાના ૨૦ દિવસ સુધી શાંત રહ્યા બાદ, તેઓ ફરી એકવાર પોતાના અસલી અંદાજમાં પાછા ફરવા માટે તૈયાર તેવું લાગે છે. આ ઘાયલ વાઘણ, જે અગાઉના પોતાના અહંકારી અને આક્રમક વલણની સરખામણીમાં થોડી નરમ દેખાતી હતી, તેણે ૨૪ મેના રોજ ફેસબુક લાઇવ આવીને પોતે આગામી લડાઈ માટે તૈયાર હોવાની જાહેરાત કરી હતી. શું તેઓ લડશે કે નહીં? આ સૌથી મોટો પ્રશ્ન છે. ફેસબુક પર લાઇવ થઈને તેમણે કહ્યું: "યુદ્ધ હજી પૂરું થયું નથી, જનાદેશ સાથે છેડછાડ કરવામાં આવી છે..." આ નિવેદનનો સમય ઘણો મહત્ત્વનો હતો. તે જ દિવસે, ભાજપે ફાલ્ટા બેઠકની પેટા-ચૂંટણી આરામથી જીતી લીધી હતી, જ્યારે તેમની તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ચોથા ક્રમે રહીને ખરાબ રીતે પછડાઈ હતી. આ ઘાયલ વાઘણમાં નમ્રતાના સંકેતો દેખાયા હતા. તેમણે જાહેરમાં સ્વીકાર્યું કે તેમના ભત્રીજા પર જીવલેણ હુમલો થયા પછી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તેમને ફોન કર્યો હતો અને તેમના સંબંધીને બંગાળ બહાર તબીબી સહાય આપવાની ઓફર કરી હતી.

## કૃષિ ભવનમાં ઊર્જા બચત અને 'રાજકીય સ્માર્ટનેસ'

વૈશ્વિક કટોકટીને ધ્યાનમાં રાખીને ઊર્જાની બચત કરવા અંગે વડા પ્રધાનની કરકસરની સલાહનું પાલન કરવામાં કોણ આગળ છે? વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નવા બનેલા પ્રખર અને કટ્ટર સમર્થક કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ સિવાય બીજું કોણ હોઈ શકે. હાલમાં તેઓ ટોચના બોસ (વડા પ્રધાન)ની પ્રશંસા કરવાની કળામાં પોતાના સાથી મંત્રીઓ અને ભાજપના સહ-યાત્રીઓ કરતાં ઘણા આગળ ચાલી રહ્યા છે. અને આ કળાનો તાજેતરનો નમૂનો એવા નિર્દેશોના રૂપમાં સામે આવ્યો છે જેમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ જેવા મંત્રાલયો ધરાવતા બિલ્ડિંગ 'કૃષિ ભવન' ને ઊર્જા-બચત મોડ પર સ્વિચ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. કૃષિ મંત્રીએ તેમના અધિકારીઓને ઓફિસ સમય દરમિયાન બિનજરૂરી લાઇટો બંધ કરવા અને એસીનો અતિશય ઉપયોગ ઘટાડવા સૂચના આપી છે.




**અમેરિકામાં કેનેડી સેન્ટર ઓફ પર્ફોમિંગ આર્ટ્સ નામની પ્રતિષ્ઠત સંસ્થામાં વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાનું નામ ઘૂસાડી દીધું હતું અને તેને ટ્રમ્પ-કેનેડી સેન્ટર એવું નામ આપી દીધું હતું. કેનેડી સેન્ટરના ટ્રસ્ટીઓએ આ બાબતે અદાલતમાં અરજી કરતા કોલંબિયાની ડીસ્ટ્રીક્ટ કોર્ટે આદેશ આપ્યો હતો કે સંસદની મંજૂરી વિના આ રીતે નામ બદલી શકાય નહીં. આ ચુકાદાના અમલ થોડો સમય રોકવાની ન્યાય વિભાગની અપીલ પણ કોર્ટે ફગાવી દેતા છેવટે કામદારો કેનેડી સેન્ટર પરથી ટ્રમ્પનું નામ દૂર કરવાના કામમાં લાગી ગયા હતા જે તસવીરમાં જોઇ શકાય છે.**

# અમેરિકી લશ્કરે વેનેઝુએલામાં હુમલો કરીને ખૂંખાર માફિયા બોસને ઠાર કર્યો

**કુખ્યાત** 'ટ્રેન ડી અરાગુઆ' ગેંગના માફિયા ગિરેરો ફ્લોરેસને તેના અડ્ડા પર હુમલો કરીને મારી નાખવામાં આવ્યો

**આ** ખૂંખાર માફિયાના માથે ૫૦ લાખ ડોલરનું ઇનામ હતું, અમેરિકામાં અનેક ગુનાઓ માટે વોન્ટેડ હતો

**ટ્રમ્પે** સહકાર બદલ વેનેઝુએલા સરકારનો આભાર માન્યો, હુમલાનો વીડિયો સોશ્યલ મીડિયા પર મૂક્યો




વૉશિંગ્ટન, તા. ૧૩ઃ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે જણાવ્યું હતું કે, અમેરિકાના એક ઝડપી અને ઘાતક હુમલામાં હેક્ટર રસ્થેનફોર્ડ ગિરેરો ફ્લોરેસ માર્યો ગયો છે, જેને તેમણે 'ટ્રેન ડી અરાગુઆ' ગેંગનો કુખ્યાત નેતા ગણાવ્યો હતો.

અમેરિકા દ્વારા ટ્રેન ડી અરાગુઆ ગેંગને આતંકવાદી સંગઠન તરીકે જાહેર કરવામાં આવ્યું છે. સત્તાવાળાઓએ ડિસેમ્બરમાં જાહેરાત કરી હતી કે, ગિરેરો ફ્લોરેસ પર ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં રેકેટિયરિંગ કાવતરું અને અન્ય ગુનાઓનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જેમાં એક દાયકા કરતાં વધુ સમય સુધી ચાલેલા ગુનાઓમાં આતંકવાદીઓને સમર્થન આપવાનો પણ સમાવેશ થાય છે. અમેરિકાના વિદેશ વિભાગે ફ્લોરેસની ધરપકડ તરફ દોરી જાય તેવી માહિતી આપનાર માટે ૫૦ લાખ ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું.

સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે X પર પોસ્ટ કર્યું કે આ હુમલો અઠવાડિયાની શરૂઆતમાં વેનેઝુએલામાં ટ્રેન ડી અરાગુઆના એક અડ્ડા પર કરવામાં આવ્યો હતો. અમેરિકી એટર્ની જય ક્લેટોને તે સમયે જણાવ્યું હતું કે આ ગેંગ ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા અને યુરોપમાં અસંખ્ય હિંસક કૃત્યો, ખંડણી અને ડ્રગ્સની હેરાફેરી માટે જવાબદાર છે. ટ્રમ્પે ગુરુવારે ક્લેટોનને ડાયરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ તરીકે નિયુક્ત કર્યા હતા. રાષ્ટ્ર પ્રમુખે તેમના સોશિયલ મીડિયા પેજ પર આ હુમલાનો એક વીડિયો પણ શેર કર્યો હતો.

ટ્રમ્પે યુએસ સધર્ન કમાન્ડ સાથે આ હુમલાનું સંકલન કરવા બદલ વેનેઝુએલાનો આભાર પણ માન્યો હતો. ટ્રમ્પે તેમના પુરોગામી જો બાઈડેન પર આકરા પ્રહારો કર્યા હતા અને તેમણે આવા ગેંગસ્ટરોને માટે અમેરિકાની સરહદ ખુલ્લી મૂકી દીધી હોવાનો આક્ષેપ કર્યો હતો અને જણાવ્યં હતુ કે આને કારણે અમેરિકામાં અનેક લોકોની હત્યાઓ થઇ હતી.

# ખામેનેઈની અંતિમ વિધિ જુલાઈમાં થશે

**આ** દિવંગત સર્વોચ્ચ નેતાની અંતિમ યાત્રા, દફન વિધિ અને તે પછીના કાર્યક્રમો ૪થી ૯ જુલાઇ દરમ્યાન થશે

**યુદ્ધની** શરૂઆતમાં જ અમેરિકાના હુમલામાં તેમની સાથે માર્યા ગયેલા તેમના પુત્રી અને જમાઇની દફન વિધિ પણ ત્યારે જ થશે

**ખામેનેઇને** શિયાઓના અગ્રણી સંત ઇમામ રઝાની દરગાહમાં દફનાવવામાં આવશે

ઈસ્લામાબાદ, તા. ૧૩(એપી): ઈરાનની સરકારી સમાચાર એજન્સીએ શનિવારે જણાવ્યું હતું કે તેના પૂર્વ સર્વોચ્ચ નેતા આયતોલ્લા અલી ખામેનેઈની દફન વિધિ જુલાઈમાં યોજાશે, જ્યારે કે મધ્યસ્થીઓના કહેવા પ્રમાણે યુદ્ધનો અંત લાવવા માટે કરાર થવાની તૈયારી ચાલી રહી છે.

ઈરાનના સરકારી ટેલિવિઝન(IRIB)ના અહેવાલ મુજબ, ખામેનેઈ માટે અંતિમ સંસ્કાર, દફનવિધિ અને વિદાય સમારંભો ૪ થી ૯ જુલાઈ વચ્ચે યોજાશે. ફેબ્રુઆરીના અંતમાં ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાન વિરૂદ્ધ શરૂ કરવામાં આવેલા યુદ્ધના પ્રારંભિક હુમલામાં ખામેનેઈ માર્યા ગયા હતા. ત્યારપછી તેમના સ્થાને તેમના પુત્ર મોજતબાને નિયુક્ત કરવામાં આવ્યા છે, જેમને વધુ કડક વલણ ધરાવતા નેતા તરીકે જોવામાં આવે છે.

ખામેનેઈ માટે અંતિમ સંસ્કારની વિધિઓ તેહરાનથી શરૂ થવાની અપેક્ષા છે, અને ત્યારબાદ આ અંતિમયાત્રા ઘણા વરિષ્ઠ શિયા ધર્મગુરુઓના ગઢ ગણાતા કોમ શહેરમાં જશે, અને ત્યાંથી તેમના જન્મસ્થળ મશહદ જશે, જ્યાં તેમને ઈમામ રઝા દરગાહમાં દફનાવવામાં આવશે, જેને શિયા શ્રદ્ધાળુઓમાં સૌથી પવિત્ર સ્થળોમાંનું એક માનવામાં આવે છે.

ફેબ્રુઆરીના તે હવાઈ હુમલામાં માર્યા ગયેલા ખામેનેઈના પુત્રી અને જમાઈના અંતિમ સંસ્કાર પણ તે જ દિવસે કરવામાં આવશે. અલી ખામેનેઈએ તેમના પુરોગામી ખોમેની કરતાં ઘણો લાંબો સમય શાસન કર્યું. તેમણે શિયા ધર્મગુરુઓના વર્ગનો મોટો વિસ્તાર કર્યો અને અર્ધલશ્કરી દળ 'રિવોલ્યુશનરી ગાર્ડ'ને પોતાના શાસનને ટકાવી રાખનારા સૌથી મહત્વપૂર્ણ તંત્ર તરીકે વિકસાવ્યું. આ ગાર્ડ દેશનું સૌથી ચુનંદું સૈન્ય બળ, બેલિસ્ટિક મિસાઈલના ભંડારનું વડું મથક અને એક વિશાળ લશ્કરી તેમજ વ્યાપારી સંસ્થા બની ગયું, જેનો પ્રભાવ ઈરાનના તમામ આર્થિક ક્ષેત્રો પર છે.

# રિપબ્લિકન પાર્ટીના કાર્યક્રમમાં હાથણીએ ફજેતો કર્યો

**પક્ષના** પ્રચારવાળા બેનરો સાથે લવાયેલ માદા હાથીએ સૌની વચ્ચે જ પેશાબની ધાર છોડી




ટેક્સાસમાં રિપબ્લિકન પાર્ટીના સંમેલનમાં શુક્રવારે રિપબ્લિકન પ્રચારના સંદેશાઓથી શણગારેલી એક હાથણી આકર્ષણનું કેન્દ્ર બની હતી, પરંતુ આયોજકોએ જે ધાર્યું હતું તેનાથી કંઈક અલગ જ થયું.

હ્યુસ્ટનમાં પક્ષના વફાદાર કાર્યકરો સમક્ષ ટેક્સાસના ગવર્નર ગ્રેગ એબોટે પોતાનું મુખ્ય પ્રવચન પૂરું કર્યું તેના થોડી જ ક્ષણો બાદ, 'પેજ' નામની નવ ફૂટ ઊંચી આફ્રિકન હાથણીને એક સરપ્રાઈઝ આકર્ષણ તરીકે ખીચોખીચ ભરેલા કન્વેન્શન હોલમાં લાવવામાં આવી હતી.

પરંતુ આ નજારો ત્યારે એક અણધાર્યા વળાંક પર આવી ગયો જ્યારે તે વિશાળ પ્રાણી અચાનક થોભી ગયું અને ડેલીગેટ્સ, પત્રકારો અને પક્ષના કાર્યકરોની નજર સામે જ કન્વેન્શનના ફ્લોર પર પેશાબ કરવા લાગ્યું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ ઝડપથી વાયરલ થયો હતો, જેમાં જોઈ શકાય છે કે સ્થળ પરના સ્પીકરો પર દેશભક્તિનું ગીત 'ઓન્લી ઈન અમેરિકા' વાગી રહ્યું હતું, ત્યારે જ તે પ્રાણીએ પોતાના પગ પહોળા કર્યા અને ફ્લોર પર પેશાબની મોટી ધાર થવા લાગી!

**પેજ 3**

## સુનીતા આહુજાએ બાળકોને મિલકતમાંથી બેદખલ કર્યા?






મુંબઈ, તા. 13 : ગોવિંદાની પત્ની સુનીતા આહુજા છેલ્લા કેટલાક સમયથી ઘણી ચર્ચામાં છે. ક્યારેક તે રિયાલિટી શોને લઈને સમાચારોમાં આવી જાય છે તો ક્યારેક ગોવિંદાને ખરીખોટી સંભળાવીને. પરંતુ હવે તેણે કંઈક એવું કહી દીધું છે જે તેની પુત્રી ટીના આહુજા અને પુત્ર યશવર્ધન આહુજાને બહુ ગમવાનું નથી. હકીકતમાં સુનીતાએ પોતાની મિલકત કોઈ એવી વ્યક્તિને આપવાની જાહેરાત કરી છે જે તેમનું લોહી નથી. જી હા, આ દરમિયાન તે મીડિયા કર્મીઓ સાથે વાત કરી રહી હતી અને તેના હાથમાં એક કૂતરો હતો. આ કૂતરાને લઈને જ તેણે જાહેરાત કરી કે તે તમામ મિલકત આ કૂતરાના નામે કરી દેશે.

# એમપીમાં રખડતા કૂતરાઓના હુમલામાં મહિલાનું મોત

**ભંગાર** વીણતી મહિલા પર ૪-૫ શ્વાન તૂટી પડ્યા

બડવાની (એમપી) તા. 13 (PTI) મધ્ય પ્રદેશના બડવાની શહેરમાં ભંગાર વીણવાનું કામ કરતી એક 35 વર્ષીય મહિલાનું રખડતા કૂતરાઓના હુમલા બાદ મોત થયું હોવાનું અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું.

પોસ્ટમોર્ટમ પેનલના એક ડૉક્ટરે મહિલાના શરીર પર કૂતરા કરડવાના અને નખના નિશાન હોવાની પુષ્ટિ કરી છે, જ્યારે ગુસ્સે ભરાયેલા સ્થાનિકોએ તેના પરિવાર માટે આર્થિક સહાયની માંગ કરી છે.

ડૉ. અનિલ સિંહ જામોદે જણાવ્યું હતું કે, મહિલાના ગળા, માથા, હાથ અને પગ પર કૂતરા કરડવાના અને નખ મારવાને કારણે થયેલી ઈજાથી જ તેણીનું મોત થયું હોય તેવું લાગે છે અને વિગતવાર પોસ્ટમોર્ટમ રિપોર્ટ સત્તાવાળાઓને મોકલવામાં આવી રહ્યો છે.

પોલીસ અધિક્ષક (એસપી) પદ્મવિલોચન શુક્લાએ જણાવ્યું હતું કે, તેઓ વિગતવાર પોસ્ટમોર્ટમ રિપોર્ટ જોયા પછી જ આ ઘટના પર કોઈ ટિપ્પણી કરી શકશે.

એસપીએ ઉમેર્યું હતું કે, પોલીસ તમામ એંગલથી આ ઘટનાની તપાસ કરી રહી છે.

પૂર્વ કાઉન્સિલર રાકેશ મકવાણે પત્રકારોને જણાવ્યું હતું કે, લીલા બાઈ બકાવલે શુક્રવારે બપોરે રાજઘાટ રોડ વિસ્તારમાં લાકડાં અને ભંગાર વીણવા ગયા હતા ત્યારે ચાર કે પાંચ રખડતા કૂતરાઓએ તેમના પર હુમલા કર્યો હતો.

મકવાણે જણાવ્યું હતું કે, બકાવલે લાકડાં અને ભંગાર વીણીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા.

મકવાણે મહિલાના પરિવાર માટે આર્થિક સહાયની માંગ કરી હતી, જેમાં એક બીમાર પતિ, વૃદ્ધ પિતા અને એક બાળકનો સમાવેશ થાય છે, જેઓ મુખ્યત્વે તેણીની આવક પર નિર્ભર હતા.

# એર અરેબિયા ફ્લાઈટનું કોચી એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ

કોચી, તા. 13 (PTI) શારજાહથી કોઝીકોડ જઈ રહેલી એર અરેબિયાની એક ફ્લાઈટને શનિવારે વહેલી સવારે ટેક્નિકલ ખામીના કારણે અત્રેના કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (સીઆઈએએલ)ના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, એરક્રાફ્ટની એન્જિન રિવર્સ થ્રસ્ટ સિસ્ટમ સંબંધિત સમસ્યાને કારણે એર અરેબિયાની ફ્લાઈટ જી9 454 એરપોર્ટ પર લેન્ડ થઈ હતી. સ્થાપિત સુરક્ષા પ્રોટોકોલ મુજબ, એરપોર્ટની તમામ ઈમરજન્સી રિસ્પોન્સ સેવાઓની સજ્જતા સુનિશ્ચિત કરવા માટે સવારે 3.19 વાગ્યે લોકલ સ્ટેન્ડબાય જાહેર કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સવારે 3.34 વાગ્યે ફુલ ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "એરક્રાફ્ટ સવારે 3.38 વાગ્યે સલામત રીતે લેન્ડ થયું હતું અને તેને નિયુક્ત પાર્કિંગ બે તરફ લઈ જવામાં આવ્યું હતું. તમામ સુરક્ષા તપાસ પૂર્ણ થયા બાદ સવારે 3.45 વાગ્યે ફુલ ઈમરજન્સી હટાવી લેવામાં આવી હતી." બોર્ડ પર 170 મુસાફરો, નવ બાળકો અને ક્રૂ મેમ્બર્સ હતા. તમામ સુરક્ષિત હતા. એરપોર્ટની કામગીરી અપ્રભાવિત રહી હતી.

ખામી સુધારાયા બાદ એરક્રાફ્ટ સવારે 7.15 વાગ્યે કોઝીકોડ એરપોર્ટ માટે રવાના થયું હતું.

# ઈરાને ટ્રમ્પના ડ્રોન હુમલાના દાવાઓને તદ્દન પાયાવિહોણા ગણાવ્યા

**ઓમાનના** અખાતમાં વેપારી જહાજો પર અમેરિકી સૈન્યના હુમલાઓથી ધ્યાન ભટકાવવાનો પ્રયાસઃ ઈરાન

નવી દિલ્હી, તા. 13 (PTI) ઈરાને હોર્મુઝની સામુદ્રધુનીમાં ભારતીય જહાજો પર ડ્રોન હુમલો કર્યો હોવાના યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાને ઈરાની દૂતાવાસે તદ્દન પાયાવિહોણો ગણાવ્યો છે. મિશને ટ્રમ્પની ટિપ્પણીઓને આ અઠવાડિયે ઓમાનના અખાતમાં વેપારી જહાજો પર અમેરિકી સૈન્યના હુમલાઓથી ધ્યાન ભટકાવવાનો પ્રયાસ પણ ગણાવ્યો હતો, જેમાં ત્રણ ભારતીય નાવિકો માર્યા ગયા હતા. તેણે દૂતાવાસે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, "હોર્મુઝની સામુદ્રધુનીમાં ભારતીય જહાજ અંગે ઈરાન સામે યુએસ પ્રમુખનો આરોપ તદ્દન પાયાવિહોણો છે."

દૂતાવાસે ઉમેર્યું હતું કે, "અમેરિકાએ એક અઠવાડિયાથી ઓછા સમયમાં ત્રણ ભારતીય જહાજો પર હુમલો કર્યો અને ત્રણ નિર્દોષ ભારતીય નાવિકોને મારી નાખ્યા તે ક્રૂર હકીકત પરથી લોકોનું ધ્યાન ભટકાવવાનો આ એક પ્રયાસ છે. તે દુઃખદ છે."

યુએસ પ્રમુખનો શુક્રવારનો આ દાવો ભારતે યુએસ ચાર્જ ડી'અફેર્સ જેસન મીક્સને સમન્સ પાઠવ્યાના કલાકો પછી આવ્યો હતો, જેમાં ભારતે તેમને જણાવ્યું હતું કે ઓમાનના દરિયાકાંઠે ભારતીય ક્રૂ સભ્યો ધરાવતા વ્યાપારી જહાજો પર અમેરિકી સૈન્યના ઘાતક અને જીવલેણ હુમલાઓ અસ્વીકાર્ય છે. ત્રણ જહાજો પર અમેરિકી હુમલામાં ત્રણ ભારતીયોના મોતને લઈને નવી દિલ્હીએ આ અઠવાડિયે મીક્સને બીજી વખત સમન્સ પાઠવ્યા હતા. ૨૪ ભારતીય દરિયાઈ નાવિકોને લઈ જઈ રહેલા પલાઉ-ધ્વજવાળા ઓઈલ ટેન્કર 'મેરીવેક્સ'ને ૮ જૂને યુએસ દળો દ્વારા નિષ્ક્રીય કરવામાં આવ્યું હતું. તમામ ક્રૂ સભ્યોને સુરક્ષિત રીતે બચાવી લેવાયા હતા. ૧૦ જૂને યુએસએ અન્ય પલાઉ-ધ્વજવાળા ટેન્કર 'સેટ્ટેબેલો' પર હુમલો કર્યો, જેમાં સવાર ૨૪ ભારતીય નાવિકોમાંથી ત્રણનાં મોત થયાં હતાં. ગુરુવારે અન્ય એક જહાજ 'જલવીર' ૨૦ ભારતીયો સાથેનું ગિની-બિસાઉ-ધ્વજવાળું ટેન્કર હુમલાનો ભોગ બન્યું હતું.